# અહેવાલ

તા.૧૮/૧૧/૨૦૨૦

**વિષય : ખેરગામ કોલેજમાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ડોન અને પાંડવા ગામના વિદ્યાર્થીઓની ઓનલાઇન શિક્ષણ સંદર્ભે આચાર્યશ્રી દ્વારા રૂબરૂ મુલાકાત કરવા બાબત.**

ખેરગામની સરકારી કોલેજમાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા મોટા ભાગના વિદ્યાર્થીઓ ડોન અને પાંડવા ગામના હોઈ તેમને ઓનલાઇન શિક્ષણ અને નેટવર્કની પડતી મુશ્કેલીઓની વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ મેળવવા માટે તા.૧૮/૧૧/૨૦૨૦ ના રોજ આચાર્યશ્રી ડૉ. સંજયકુમાર એમ.પટેલ રૂબરૂ મુલાકાત લઈ જાત નિરીક્ષણ કર્યું હતું તેમની સાથે સહયોગ પૂરો પાડવા અર્થશાસ્ત્રના વિઝીટીંગ પ્રા.ખુમરાજ કે. મહેતા પણ જોડાયા હતા. આહવાથી ૩૫ કિ.મી. દૂર અને મહારાષ્ટ્રની બોર્ડરને અડીને આવેલું પ્રાચીન સમયમાં હનુમાનજીનું જન્મ સ્થળ એટલે અંજની પર્વત તરીકે ઓળખાતું, સમુદ્ર સપાટીથી ૧૦૦૦ મીટર અને સાપુતારાથી પણ ૧૦૦ મીટર ઊંચું તેમજ ૧૦ ગણું વિસ્તાર ધરાવતું આ ડોન ગામ સહ્યાદ્રિ પર્વત માળામાં હરિયાળી ઢોળાવો, નદી, ઝરણાં પ્રાકૃતિક સૌંદર્ય ધરાવે છે. પ્રાચીન સમયમાં સૌથી વધુ ગીધોની વસ્તી ધરાવતું હતું. પ્રકૃતિની મોજ માંણવા માટે ડોન હિલ સ્ટેશન એક ઉત્તમ વિકલ્પ છે. સાથો સાથ આ ઐતિહાસિક સ્થળ પણ છે. કારણ કે અહિ ભગવાન શિવ, સીતાજી, હનુમાનજીની દંત કથાઓ જોડાયેલી છે. આ સ્થળને ટ્રેકિંગ માટે પણ બેસ્ટ ગણવામાં આવે છે. આ સ્થળનો સંબંધ રામાયણ કાળ સાથે છે. અહિ ગુરૂ દ્રોણનો આશ્રમ હતો વનવાસ દરમ્યાન ભગવાન રામ અને સીતા અહિ આવ્યા હતા. ગુરૂ દ્રોણના આશ્રમને કારણે આ સ્થળ 'દ્રોણ' તરીકે ઓળખાતું કાળ ક્રમે 'દ્રોણનું' અપભ્રંશ થઈને 'ડોન' ગામ થયું, સાત ફળિયાનું બનેલું કુલ ૨૫૦૦ની વસ્તી ધરાવતું આ ગામ છે. આ ગામના લોકોનો મુખ્ય બજાર વ્યવહાર વડુ મથક આહવા છે. હાલમાં આ ગામના લોકો સર્પાકાર ધુળીયો પથરાળ કાચા રસ્તા પરથી આવન-જાવન કરે છે. આકાશી ખેતી અને ડાંગર,વરાઈ,નાગલી અને કઠોળ તેઓનો મુખ્ય પાક છે. વિદ્યાર્થીઓના ઘરની રૂબરૂ મુલાકાત દરમ્યાન ઓનલાઇન શિક્ષણ અને નેટવર્ક અંગેની પડતી મુશ્કેલી અંગેની ચર્ચા થઈ પહેલેથી રમતગમત અને સ્પોર્ટસમાં અગ્રેસર રહી સતત કોલેજનું નામ રોશન કરતા આવેલા હોવાથી આ વિદ્યાર્થીઓ આચાર્યશ્રીના સીધા સંપર્કમા અને માનીતા હતા. તેઓના ઘરમાં કોઇ ઘરવખરી જેવું કઈ ન હતું. રસોઇના બે-ચાર તપેલા અને કપડાની બે ત્રણ જોડી સિવાય ઘરમાં કાંઇ ન હતું. તેમના માતા–પિતા રોજગારી માટે સ્થળાંતર કરતા રહે છે. અને શેરડીના કટીંગ કાર્યમાં સિઝન પૂરી કરી ગુજરાન ચલાવે છે. જે હકીકત નિરીક્ષણ દરમ્યાન જોવા મળી હતી હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થી અને ભુતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ M.A. નો ઉચ્ચ અભ્યાસ ગુજરાત વિદ્યાપીઠ ખાતે કરે છે. તેઓ પોતાના ઓનલાઇન લેક્ચર માટે સખી મંડળ ગૃપના સૌજન્યથી રૂમની સગવડ પૂરી પાડવામાં આવતા ઓનલાઈન લેક્ચરમાં જોડાઈ છે. જે માટે તેઓ ૩૦ થી ૩૫ કિમી. નું અંતર કાપીને જિલ્લાનું વડુ મથક આહવા ખાતે આવે છે. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓએ પોતાની પાસે રીચાર્જ માટે પૂરતા નાંણા ન હોવાને કારણે લેક્ચર જતા કરતા હોવાનું દુઃખ વ્યક્ત કર્યું હતું. જ્યારે કેટલાક મોબાઈલ ન હોવાની તો કેટલાક ઘરમાં એકજ મોબાઈલની આપવિતી રજૂ કરી હતી. આ તમામ વિદ્યાર્થીઓને આચાર્યશ્રીએ કોલેજ લાઇબ્રેરી માંથી પુસ્તક અને સંદર્ભ ગ્રંથો તેમજ અધ્યાપકો દ્વારા તૈયાર કરાયેલ મટેરિયલની ઝેરોક્ષ પુરૂ પાડવાની ખાતરી આપી હતી. ખૂબજ દયામણી પરિસ્થિતીનો અનુભવ થતાં તેઓને ઠંડીની સીઝનમાં ગરમ કપડાં, બુટ, ચંપલ તેમજ જરૂરી ચીજવસ્તુઓની મદદ પૂરી પાડવા માટે શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ધરમપુર સાથે સંકળાયેલા મુંબઈના દાતાઓનો સહયોગ મેળવીને જરૂરી સહાય પૂરી પાડી મદદરૂપ બનવાનું આયોજન હાથ ધરવામાં આવશે. સમયસર પરીક્ષા ફોર્મ ભરવા, શિષ્યવૃત્તીના ફોર્મ ભરવા, તેમજ આજુ-બાજુમાં રહેતા ધો-૧૨ ની પૂરક પરીક્ષામાં તાજેતરમાં પાસ થયેલા વિદ્યાર્થીઓનો તાત્કાલિક સંપર્ક કરી તેમને પ્રવેશ મેળવવા માટે પ્રેરિત કરી અભ્યાસ કરવા માટે ભુતપૂર્વ વિદ્યાર્થીઓને ખાસ આગ્રહ રજુ કરાયો હતો. કોલેજના આચાર્યશ્રીની રૂબરૂ મુલાકાતના પ્રસંગથી ભાવ વિભોર બનેલા વિદ્યાર્થીઓ ગામના પ્રવેશ દ્વાર સુધી પરત ફરતી વેળાએ ગૃપ ફોટો પડાવી પુનઃપધારજોનો વિદ્યાર્થીઓએ આત્મસંતોષ વ્યક્ત કર્યો હતો.

GOVT. ARTS & COMMERCE COLLEGE KHERGAM

Principal
Government Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.

દિવ્ય ભાસ્કર નવસારી 26-11-2020

# છાત્રોના ઓનલાઇન શિક્ષણ માટે ખેરગામ કોલેજના આચાર્યએ ડાંગની મુલાકાત લીધી

## સમસ્યાની જાણકારી મેળવી હલ કરવાની ખાતરી આપી



ભાસ્કર ન્યૂઝ | ખેરગામ

આહવાથી 35 કિ.મી. દૂર ડોન ગામે રહેતા ખેરગામ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ઘરની રૂબરૂ મુલાકાત દરમિયાન ઓનલાઈન શિક્ષણ અને નેટવર્ક અંગેની પડતી મુશ્કેલી અંગેની ચર્ચા થઈ હતી. હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ M.A.નો ઉચ્ચ અભ્યાસ ગુજરાત વિદ્યાપીઠ ખાતે કરે છે. તેઓ પોતાના ઓનલાઈન લેક્ચર માટે સખી મંડળ ગૃપના સૌજન્યથી રૂમની સગવડ પૂરી પાડવામાં આવતા ઓનલાઈન લેક્ચરમાં જોડાય છે, જે માટે તેઓ 30 થી 35 કિમી.નું અંતર કાપીને જિલ્લાનું વડુ મથક આહવા આવે છે. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓએ પોતાની પાસે રીચાર્જ માટે પૂરતા નાણાં ન હોવાને કારણે લેક્ચર જતા કરતા હોવાનું દુ:ખ વ્યક્ત કર્યું હતું. કેટલાક મોબાઈલ ન હોવાની તો કેટલાક ઘરમાં એકજ મોબાઈલની આપવીતિ રજૂ કરી હતી. આ તમામ વિદ્યાર્થીઓને આચાર્ય સંજય પટેલે કોલેજ લાઈબ્રેરીમાંથી પુસ્તક અને સંદર્ભ ગ્રંથો તેમજ અધ્યાપકો દ્વારા તૈયાર કરાયેલ મટિરિયલની ઝેરોક્ષ પુરી પાડવાની ખાતરી આપી હતી. વધુમાં આચાર્ય ડો.સંજય પટેલે જણાવ્યું કે ખૂબજ દયામણી પરિસ્થિતીનો અનુભવ થતાં તેઓને ઠંડીની સિઝનમાં ગરમ કપડાં, બુટ, ચંપલ તેમજ જરૂરી ચીજવસ્તુઓની મદદ પૂરી પાડવા માટે શ્રીમદ રાજ્યંદ્ર આશ્રમ ધરમપુર સાથે સંકળાયેલા મુંબઈના દાતાઓનો સહયોગ મેળવીને જરૂરી સહાય પૂરી પાડી મદદરૂપ બનવાનું આયોજન હાથ ધરાશે.



GOVT. ARTS & COMM. COLLE... KHER...

Principal
Govt. Arts & Commerce College
KHERGAM Dist. Navsari.
Code No. : 630